નમો જિણાણં

# શ્રી જૈન શાસનમાં–
# ઉપયોગની પ્રધાનતા
# શાથી ?

: લેખક :
પંન્યાસ પૂર્ણાનન્દ વિજયજી મહારાજ સાહેબ
((કુમાર શ્રમણ)

# જૈન શાસનમાં
# ઉપયોગની પ્રધાનતા શાથી ?


: લેખક :

પૂ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબના
શિષ્ય
પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબ
( કુમાર શ્રમણ )



: પ્રકાશક :

જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ
C/o શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રન્થમાળા
પો. સાઠંબા ( સાબરકાંઠા )
( ધનસુરા થઈને—એ. પી. રેલ્વે )

મૂલ્ય—અમૂલ્ય.

પ્રકાશક :
જગજીવનદાસ કસ્તુરચંદ શાહ
C/o શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રન્થમાળા
પો. સાઠંબા ( સાબરકાંઠા )
ધનસુરા થઇને ( એ. પી. રેલ્વે )

*

પ્રથમ આવૃત્તિ
ઈ. સ. ૧૯૭૩

*

પ્રત : ૧૫૦૦

*

મૂલ્ય : અમૂલ્ય

*

મુદ્રક :
શેઠ હરિલાલ દેવચંદ
આનંદ પ્રિન્ટીંગ પ્રેસ,
સુતારવાડ, ભાવનગર.

# પ્રકાશકોનું નિવેદન

પૂજ્યપાદ શાસન દીપક સ્વ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબના નામથી સ્થાપિત 'શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાળા'નું આ ચોથું પુસ્તક બહાર પાડતાં અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. કોઇપણ પ્રકારના ફંડફાળા અગર જાહેરાત–આડંબર સિવાય પુસ્તક પ્રકાશનની આ વિધિ ધીમી ગતિએ પણ મક્કમ રીતે આગળ કૂચ કરી રહી છે.

પ્રસ્તુત પુસ્તકમાંનો નિબંધ સ્વ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્ય પૂ. પંન્યાસશ્રી પૂર્ણાનન્દવિજયજીના હાથે લખાયેલો છે અને જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી–મુંબઇ તરફથી મહારાજશ્રીને પારિતોષિક પણ આપવામાં આવેલું છે.

અમારી આ સંસ્થાને પૂજ્ય મહારાજશ્રી માર્ગદર્શન આપે છે તે માટે અમે તેઓશ્રીના અત્યંત ઋણી છીએ!

જે ભાગ્યશાળીઓએ આ નિબંધ પ્રકાશનમાં આર્થિક સહાય આપી છે તેઓ અંગે જુદો ઉલ્લેખ કર્યો છે અને તેઓ સૌને અમે ફરી ફરી ધન્યવાદ આપીએ છીએ.

સાઠંબા (સાબરકાંઠા)<br>ધનસુરા થઇને, (એ. પી. રેલ્વે) } જગજીવનદાસ કસ્તૂરચંદ સાહ

# આભાર-દર્શન

આ પુસ્તક પ્રકાશન અર્થે નીચે મુજબ આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે અને તેઓ સૌનો આ તકે અમે આભાર માનીએ છીએ.

રૂ. ૩૦૦) શ્રી ગોડીપાર્શ્વનાથ જૈન ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ-પૂના નં. ૨. જ્ઞાનાખાતામાંથી.

રૂ. ૧૫૧) શેઠશ્રી કોદરલાલ ધર્મચન્દ-ચીખલવાડી પૂના તરફથી-અ. સૌ. શ્રીમતી ભૂરીબહેનના વર્ષીતપ નિમિત્તે.

રૂ. ૧૨૫) શ્રીમાન્ રાજમલજી હીરાજી (પોસાલીયા-રાજસ્થાન) તરફથી શા. વસ્તીમલ ત્રિલોકચંદ સુમેરપુર.

પ્રકાશકો.

# ભૂ....મિ....કા.....

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી, મુંબઇ દ્વારા થોડા સમય પહેલાં 'જૈન દર્શનમાં ઉપયોગની પ્રધાનતા શાથી ?' એ વિષય પર એક નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સંસ્થાને પૂ. મુનિમહારાજો, પૂ. સાધ્વીજીઓ તેમજ અભ્યાસી ભાઇ બહેનો તરફથી કુલ એકતાલીસ નિબંધો પ્રાપ્ત થયા હતા.

આ સ્પર્ધામાં સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન શાસનદીપક અનેક ગ્રંથોના પ્રણેતા પૂજ્ય મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજના શિષ્યરત્ન ન્યાય, વ્યાકરણ, કાવ્યતીર્થ પંન્યાસપદ ભૂષિત શ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમાર શ્રમણ) મહારાજસાહેબે પણ અત્યંત વિદ્વતાપૂર્ણ નિબંધ મોકલાવ્યો હતો અને તમામ નિબંધોમાં તેમનો નિબંધ પ્રથમ કક્ષામાં મૂકવામાં આવ્યો હતો. પ્રસ્તુત નિબંધ આ પુસ્તિકાદ્વારા પ્રસિદ્ધ થઇ રહેલ છે તે જાણી અમને અત્યંત આનંદ થાય છે.

પ્રસ્તુત નિબંધમાં લેખકે તેમની આગવી ભાષામાં 'ઉપયોગની પ્રધાનતા' અંગે સચોટ વિવેચન કર્યું છે અને બાલ તેમજ પંડિતજનોને પણ તે ઉપયોગી થઇ પડે તેવું છે. 'वत्थु सहावो धम्मो' વસ્તુનું મૂળ સ્વરૂપ-અસલ (Original)

સ્થિતિ એ ધર્મ છે. અગ્નિનો ધર્મ ઉષ્ણતાનો છે કારણ કે તે તેનું મૂળ સ્વરૂપ છે. જળનો ધર્મ શીતલતાનો છે કારણ કે તે તેનું મૂળ સ્વરૂપ છે. આત્માનું મૂળ સ્વરૂપ પણ કર્મ રહિત બની શુદ્ધ થવાનું છે. તેથી જ શ્રીમદ્ આનંદઘનજીએ કહ્યું છે કે 'નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહીયે રે' અર્થાત્ જે ક્રિયા દ્વારા નિજ સ્વરૂપ–શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય તેજ આત્મિક ક્રિયા છે. ચેતનાના બે રૂપ છે. એક બાહ્ય મુખી ચેતના અને બીજી અંતર્મુખી ચેતના. ચેતના જ્યારે બહારની વસ્તુ પાછળ દોડે છે ત્યાર તે શુભાશુભયોગ છે–સંસાર છે. પરંતુ જ્યારે અંતર્મુખી બની નિજ સ્વભાવમાં સ્થિર બને છે ત્યારે એ ચેતનાનો શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગ એ ધર્મ છે. જેટલે અંશે ચેતના નિજસ્વરૂપમાં લીન બને છે તેટલે અંશે તે મુક્તિની નજીક આવે છે. સ્વભાવમાં રહેવું એ ધર્મ–સ્વ સ્વભાવથી દૂર થવું–પરભાવમાં જવું એ ધર્મથી ચ્યુત થવા જેવું છે. આવા ગહન વિષય પર પૂ. મહારાજશ્રીએ અત્યંત સરળ પણ સચોટ ભાષામાં મુગ્ધ બની જવાય એ રીતે વિવેચન કર્યું છે અને આ નિબંધ વાંચતા વાચકોને તે વિષે ખાતરી થશે.

થોડા સમય પહેલાં જ પૂ. મહારાજશ્રીનું 'બારવ્રત' પુસ્તક પ્રગટ થયું હતું અને તે ભારે આવકાર પાત્ર બનેલું. તે પછી ટૂંક સમયમાં આ નિબંધ પ્રગટ થાય છે જે જૈન ધર્મના અભ્યાસી ભાઇ બહેનોને અત્યંત ઉપયોગી પૂરવાર

થશે. નિબંધને અંતે 'ઉત્થાન અને પતન' (અહિં–ઉપયોગને લક્ષમાં રાખી વર્તવું તે ઉત્થાન અને તેનાથી ચ્યુત થઇ વર્તવું તે પતન)ની વાત લખતાં મહારાજશ્રીએ એક સરસ પ્રસંગનું વર્ણન કર્યું છે જેનો સાર બહુ સમજવા જેવો છે. 'ઉપયોગની પ્રધાનતા' સમજવા માત્રથી જીવન ધન્ય નથી બની શકતું. જીવનમાં દરેક ક્ષેત્રે, ઘરમાં–વ્યવહારમાં–વેપારધંધામાં પણ તેને અનુરૂપ આચરણ થવું જોઇએ, એ હકીકત આ પ્રસંગ સમજાવી જાય છે. જૈન ધર્મના સિદ્ધાંતો બહુ ઉચ્ચ કોટિના છે અને તેનું પાલન માણસને મુક્તિ તરફ (આત્માને તેના મૂળ સ્વરૂપ તરફ) ખેંચી જાય છે. જૈન લોકોને સિદ્ધાંતિક સમજણ તો મોટા પ્રમાણમાં છે, પણ તેના પાલન અંગે જૈનોનો મોટો ભાગ ઉદાસીનતા સેવે છે એ ભારે ખેદની વાત છે. માત્ર વાતો કરવાથી જીવન ભવ્ય નથી બની શકતું. એ મુજબ આચરણ કરવાથીજ જીવનને ધન્ય બનાવી શકાય છે. ઉપયોગની પ્રધાનતાનું આજ સાર તત્ત્વ છે. જેવું મનમાં તેવું વાણીમાં અને જેવું વાણીમાં તેવું વર્તનમાં હોવું જરૂરી છે. આજે માનવીના મનમાં એક વાત છે, તે બોલે છે બીજું જ અને વર્તનમાં વળી ત્રીજું જ હોય છે. ઉપયોગની મહત્ત્વતા સમજ્યા પછી ઉપયોગથી આપણે કેટલા બધા દૂર છીએ તે વાતનું ભાન થવું જોઇએ.

પૂજ્ય મહારાજશ્રી અત્યંત સરલ સ્વભાવી, વિનમ્ર અને અભ્યાસી છે. વરસોથી તેમના હું પરિચયમાં છું અને તેમનો

અનેક રીતે ઋણી છું. આવી ઉત્તમ કોટિનો નિબંધ લખવા માટે પૂજ્ય મહારાજશ્રીને હું ધન્યવાદ આપુ છું અને તેઓશ્રીના હાથે આવા આધ્યાત્મિક સાહિત્યનું સર્જન થયાજ કરે તેવી શુભેચ્છા દર્શાવું છું. આ નિબંધની ભૂમિકા લખી આપવાની પ્રકાશકોએ મને તક આપી ઉપકૃત કર્યો છે તે માટે તેમનો પણ હું ઋણી છું.

૧૧, પારસી બજાર સ્ટ્રીટ
કોટ, મુંબઈ
તા. ૧૫-૭-૭૩

મનસુખલાલ તારાચંદ મહેતા.

# સત્કાર

જૈન દર્શન અલૌકિક દર્શન છે. તેમાં રહેલાં અનુપમ તત્ત્વો જીવમાત્રના પરમ સુખનું કારણ છે. જેવાંકે ઉપયોગ, સ્યાદ્વાદ વિગેરે. આવા ઉત્તમ તત્ત્વના વિષયમાં જો તેનું સમ્યગ રીતે ચિંતન, મનન અને નિદિધ્યાસન થાય તો તે વિષયનું યથાર્થ જ્ઞાન, ભાન થાય. જૈન દૃષ્ટિએ વાચના, પૃચ્છના, પરાવર્તના અને અનુપ્રેક્ષા રૂપ સ્વાધ્યાયના બલથી આવા ઉપયોગ જેવા ગહન અને ગૂઢ તત્ત્વનું હાર્દ પામી શકાય અને જીવન ઉન્નત બનાવી શકાય.

આવા તત્ત્વજ્ઞાનના આધાર સ્તંભરૂપ ઉપયોગના વિષયમાં શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી–મુંબઇ દ્વારા એક વિશિષ્ટ નિબંધ સ્પર્ધાનું આયોજન ગત વર્ષે કરવામાં આવેલ હતું. સંસ્થાના સંચાલક તરીકે મેં આ વિશિષ્ટ નિબંધ સ્પર્ધાની, મંગલ અને શુભ પ્રવૃત્તિની શરૂઆત કરી હતી, અને તેની જવાબદારી મારા શિરે હતી. તેથી તેનો પ્રચાર કરવો, તે અંગે પ્રેરણા કરવી એ મારા માટે આનંદનો વિષય હતો. વિશેષ તો એક જૈનદર્શનના અભ્યાસી તરીકે આ કાર્ય અને પ્રવૃત્તિમાં મને અત્યંત રસ હતો. તેથી આ નિબંધ સ્પર્ધામાં ભાગ લઈ શકે તેવા સુયોગ્ય અને વિદ્વાન તથા અભ્યાસી આત્માને જોતાંની સાથે મને આ નિબંધ સ્પર્ધામાં નિબંધ લખવા માટે રજુઆત કરવાનું તથા પ્રેરણા કરવાનું સહજ રીતે મન થતું.

આ એક પ્રસંગ હતો, પાયધુની મુંબઇ શ્રી નમિનાથ જિનાલયમાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરિજી મહારાજ સાહેબની પવિત્ર નિશ્રામાં પરમ પૂજય સરલ સ્વભાવી પંન્યાસશ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમાર શ્રમણ) બિરાજતા હતા. પૂજ્ય શ્રી વિદ્વાન અને વકતા તેમજ લેખક હોવાથી મેં પૂજ્ય શ્રીની આગળ આ નિબંધ સ્પર્ધા અંગેની વાત રજુ કરી વિનંતી કરી કે આપશ્રી જેવા સુયોગ્ય અને વિદ્વાનમુનિ આ નિબંધ સ્પર્ધામાં ભાગ લઈને નિબંધ લખશે તો અનેકને લાભ થશે. સમાજને એક વિશિષ્ટ ચિંતન મળશે. આપશ્રીને આ અંગે જરૂરી સાધનો શકય હશે તે મેળવી આપશું. પૂજ્યશ્રી સ્વાધ્યાય રસિક આત્મા હોય તેમને મારી વાત ગમી ગઈ. પરંતુ તેઓશ્રીને શ્રી ભગવતીસૂત્રના યોગોવહનની પરમ પવિત્ર આરાધના ચાલતી હતી. તેથી તેઓશ્રીએ મને કહ્યું કે આ વાત સુંદર છે અને મને તેમાં ખૂબજ રસ છે. પરંતુ મારી આ યોગવહનની ક્રિયા ચાલે છે તેથી હું આ ઉપયોગ જેવા તત્ત્વભૂત વિષય ઉપર વિશેષ ચિંતન કરું તેટલો સમય મળવો મુશ્કેલ છે. મેં પૂજ્યશ્રીને કહ્યું કે આપની પાત તો સાચી છે, પરંતુ આવી સુંદર આરાધનામાં જ આ 'ઉપયોગ' જેવા વિષયને આપ જીવન્ત અને સ્પર્શી બનાવી શકશો. સાધનના અનુભવ દરમ્યાન 'ઉપયોગ' પણ આપનો અનુભવ બનશે. આવી રીતે જ્યારે જ્યારે પૂજ્યશ્રી પાસે વંદન નિમિત્તે જતો ત્યારે ત્યારે મારું આ સૂચન રજુ કરતો. એક

વખતે તેઓશ્રી થોડી વિચારણામાં મગ્ન થયા, અને પ્રસન્ન ચિત્તે મારી વાતનો સ્વીકાર કરી મને જણાવ્યું કે તમે અવારનવાર આવતા રહેજો તો હું જરૂર જાગૃત રહીશ, અને નિબંધ સ્પર્ધામાં નિબંધ લખીને તમોને આપીશ. પૂજ્યશ્રીની વાતથી મને પણ ખૂબજ આનંદ થયો અને તેના ફલ સ્વરૂપે પૂજ્ય-શ્રીનો નિબંધ સોસાયટીની નિબંધ સ્પર્ધામાં પ્રથમ કક્ષાના નિબંધોમાં આવ્યો. આ તેમની વિશિષ્ટતા છે. આ રીતે આ સ્વની ઉપયોગ–જાગૃતિ સૂચવે છે.

આજે આ નિબંધ અને તેનો વિષય ઉપયોગ તે અંગેનું પૂજ્યશ્રીનું ગહન, ચિંતન અને મનન જે પ્રકાશ પામે છે શ્રી સંઘ અને સમાજને તથા ઉત્કૃષ્ટ કોટિની આરાધના માટે આરાધકોને એક માર્ગદર્શન અને આલંબન પૂરું પાડવા શ્રેષ્ઠ દીપક સમાન છે.

પૂજ્યશ્રીનું જીવન જ્ઞાન–દર્શન–ચારિત્રની ગંગોત્રીની જેમ વહી રહ્યું છે. તેઓશ્રી અત્યંત સરલ અને નમ્ર સ્વભાવના છે, છતાં નિષ્ણાંત ભદ્રિક મહાત્મા છે. તેઓશ્રીની આવી સ્વા-ધ્યાયની રસવૃત્તિ ખૂબજ અનુમોદનીય છે. તેમને હું મારા અંતરના ભાવ સાથે વંદનાપૂર્વક અનુમોદું છું. અમારી સંસ્થાવતી તથા અંગત રીતે પણ પૂજ્યશ્રીને કોટીશઃ ધન્ય-વાદ આપું છું. તેમજ સંસ્થાને નિબંધ લખી આપી જે આભારી બનાવી છે તે ઉપકારનું ઋણ સદા અમારા શિરે રહેશે. અમારી સંસ્થાની આગામી નિબંધ સ્પર્ધાનો વિષય સ્યાદ્‌વાદ

છે, તેમાં પૂજ્યશ્રી તેમનું શ્રેષ્ઠ ચિંતન સમાજને આપશે અને ઉપકૃત કરશે એવી ભાવના સેવું છું.

પૂજ્યશ્રીના નિબંધ અંગે વધુ તો હું શું લખું, પણ પ્રસ્તુત નિબંધ સ્પર્ધાની પરીક્ષક સમિતિમાં મારુ નામ જોડાયેલ હોવાથી અક્ષરશઃ આ નિબંધ મારી દૃષ્ટિપથમાં આવેલ અને તેમાં વિદ્વદ વર્યમુનિશ્રીએ જે શાસ્ત્રધારા–શાસ્ત્રપાઠો ઠેર ઠેર મૂકયા છે તે તો તેમના વિશિષ્ટ શાસ્ત્રાભ્યાસની દાદ માગી લે તેમ છે, તેમજ વિષયની છણાવટ જે સૂક્ષ્મ રીતે અને લોકભોગ્ય શૈલીએ કરી છે, તે પણ ખૂબજ અનુમોદનીય અને પ્રશંસનીય છે. એક સ્થળે મુનિશ્રીએ સંવર–નિર્જરાનો પ્રાણ 'ઉપયોગ' કેવી રીતે છે, તે વાત મર્મભરી અને વેધક રીતે રજુ કરી છે જે ખૂબજ વિચારણીય છે. આ સિવાય ઉપયોગ જીવનું લક્ષણ છે પરંતુ ઉપયોગનું લક્ષણ શું ? તે વસ્તુ ઉપયોગની ઉપાદેયતા તેમજ ઉપયોગની આત્માની જે વાત કરી છે તે ખરેખર અદ્‌ભુત અને પ્રેરણાદાયક છે પૂજ્યશ્રીના મૂલ્યવાન અને ઉત્તમ કોટિનું આ પ્રકાશન સર્વના કલ્યાણનું કારણ બનો એજ શુભાભિલાષા.

પુનમચંદ કેવલચંદ શાહ

# પ્રાસ્તાવિક

卐

પૂજ્યપાદ, શાન્ત સ્વભાવી, જૈનાચાર્યશ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શ્રી નમિનાથ જૈન મંદિર પાયધુની મુંબઈના ઉપાશ્રયે ભગવતી સૂત્રના યોગોદ્વહન માટે વિ. સં. ૨૦૨૮ નો વર્ષાવાસ (ચાતુર્માસ) સાનન્દ પૂરો કર્યો હતો. તે સમયે પંડિત પ્રવર શ્રી પૂનમચંદભાઈએ મને બે ત્રણવાર 'જૈન શાસનમાં ઉપયોગની પ્રધાનતા શાથી ?" આ વિષય ઉપર નિબંધ લખવા માટે ઉત્સાહિત કર્યો, જે લખાયેલો નિબંધ વાચકોના હાથમાં મૂકતાં મને ઘણોજ આનંદ થાય છે.

મકાનની મજબુતાઈ જેમ પાયા ઉપર નિર્ભર છે, તેમ જૈન શાસનની આરાધનાના મૂળમાં "ઉપયોગ" અત્યન્ત આવશ્યક છે. જેની હૈયાતીનાં કારણે જ 'ક્રિયાઓ'માં જેમ શુદ્ધત્વ પ્રવેશ કરે છે તેમ માનવ પણ દૈવી સંપત્તિ (સંવર તત્ત્વ)નો માલિક બને છે. ત્યારે તેની અનાદિ કાળીન કુચેષ્ટાઓ, સ્વભાવની ખરાબી, દિલ અને દિમાગમાં પડેલા કામ તથા ક્રોધના દુષ્ટ સંસ્કારો, તેમજ માનવીય જીવનમાં પણ આસુરી શક્તિઓ (આશ્રવતત્ત્વ) ઉપર લગભગ કંટ્રોલ આવતાં વાર લાગતી નથી.

આપણા જીવનની જો કરૂણતા હોય તો એજ છે કે આપણે મર્યા પછી દેવ થવા માગીએ છીએ. પણ જૈન શાસનની શિક્ષા અને દીક્ષા આપણને માનવના ખોળીયામાંજ દેવતત્ત્વ

પ્રાપ્ત કરાવે છે, જે આપણે સૌ ભૂલી જઇએ છીએ. ઉપયોગ વિનાની શુભ અને શુદ્ધ ક્રિયાઓ પણ સિદ્ધસેન દિવાકર-સૂરિજીના વચન પ્રમાણે **यस्मात् क्रिया प्रतिफलन्ति न भाव शून्याः"** અર્થાત્ ભાવરહિત ક્રિયાઓ ફળ આપતી નથી. શ્રીમાન્ પૂનમચંદભાઇ પંડિતને ધન્યવાદ છે કે જેઓ મારા અભ્યાસ માટે કારણ બન્યા. સંસ્થાના સંચાલકો જ્ઞાનપિપાસુ છે. આવી સરસ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિ માટે તેઓ સૌને ધન્યવાદ! આ નિબંધના પરીક્ષક મહાનુભાવો માટે હું લગભગ અપરિચિત હોવા છતાં પણ મને બીજા નંબરે મૂકયો છે, એજ મારે મન પ્રસન્નતાની વાત છે. નિબંધ તૈયાર કરવામાં પૂજ્યપાદ સાગરાનન્દસૂરીશ્વરજીનો આગમીય કોષ તથા મહામના ઉપા-ધ્યાયજી શ્રી મંગળવિજયજી રચિત અને હીરાલાલ કાપડિઆ વિવેચિત આર્હત દર્શન દીપિકા જેવા ગ્રન્થો મારા માટે પૂર્ણરૂપે માર્ગદર્શક બન્યા છે.

સ્વર્ગસ્થ તે બંને મહાપુરુષોને મારી ભાવવંદના.

મારા કલ્યાણમિત્ર સમા મનસુખલાલ તારાચંદ મહેતાને પણ ધન્યવાદ આપું છું, જેઓનો પરિચય મને મારા અભ્યાસ કાળ દરમ્યાન શિવપુરીમાં થયો હતો જે પ્રતિદિન વધતો ગયો છે.

નિવેદક પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણ)
ન્યા. વ્યા. કા. તીર્થ
જૈન સંઘ ઉપાશ્રય

૨૦૨૯
મહાવીર જયંતી
પૂના–૨

॥ શ્રી કલિકુંડ પાર્શ્વનાથાય નમઃ ॥

# જૈનદર્શનમાં ઉપયોગની પ્રધાનતા શાથી?

: લેખક :

પન્યાસ પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણ)

## જીવોનું સ્વરૂપ :

આ સંસારમાં દૃશ્યમાન અને અદૃશ્યમાન જે કંઈ પદાર્થો વિદ્યમાન છે, તે ચેતન અને જડ આ બે દ્રવ્યોનું જ પરિણમન છે.

જૈન પરિભાષામાં ચેતનને જીવ અને જડને અજીવ તરીકે સંબોધાય છે. જડમાં જડત્વ અર્થાત્ અજીવ તત્ત્વ હોવાના કારણે ક્યારે પણ એનો વિકાસ થઈ શકતો નથી. રેલગાડીના એંજીનમાં અને હેલીકોપ્ટર વિગેરેમાં જે ગતિ દેખાય છે તે સ્વયંપ્રેરિત નથી પરન્તુ જીવપ્રેરિત છે. ત્યારે જ તો ગાડીના પાટા ઉખડી ગયા હોય કે નદી ઉપરનો પુલ તુટી ગયો હોય છતાં પણ રેલગાડીના એંજીનને એની ખબર પડતી નથી. તેવી જ રીતે હેલીકોપ્ટરમાં પેટ્રોલ છે કે નહી? એની ખબર પણ એને પોતાને ક્યાં પડે છે? માટેજ ચૈતન્યરહિત જડ

સર્વથા અવિકસિત જ હોય છે. છતાં એ ભૌતિક પદાર્થોનો (જડતત્ત્વ) જે વિકાસ દેખાય છે, તેમાં પણ માણસની સૂક્ષ્મ અને વૈજ્ઞાનિક બુદ્ધિનો જ પ્રત્યક્ષ ચમત્કાર છે. અન્યથા ભૂમિપર પડેલા લોઢાના ટૂકડાઓ પણ સંસારનો નાશ કરવા સમર્થ બની શકે છે. પરન્તુ તેમ થયેલું કોઇએ પણ જોયું નથી અને જાણ્યું નથી.

જ્યારે ચૈતન્ય ગુણમય જીવાત્માના ચૈતન્યનો હ્રાસ અને વિકાસ પ્રત્યક્ષરૂપે આપણે જોઈ શકીએ છીએ અને અનુભવી શકીએ પણ છીએ.

જીવોનો એક પ્રકાર એવો છે કે જે ભયંકર ગરમી, ઠંડી તથા ચોમાસાના ધોધમાર વર્ષાદને સહન કરે છે. છતાં એક સ્થાનને છોડી "उष्णाद्यभितापेऽपि तत्स्थानपरिहारासमर्थाः सन्तस्तिष्ठन्तीत्येवंशीलाः स्थावराः" આ ન્યાયે બીજે ક્યાંએ પણ જઇ સકતા નથી. એમની મોટી મોટી શાખાઓ કાપી દેવામાં આવે અથવા ચૂલા ઉપર મૂકીને બાફી દેવામાં આવે, ચપ્પુ કે કુહાડા વડે છેદન, ભેદન કરવામાં આવે, તો પણ પોતાને થતી અસહ્ય વેદના બીજાને જણાવી શકતા નથી. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચે ભેદ એકેન્દ્રિય જીવના છે. સ્થાવરનામ કર્મના ઉદયથી તે જીવોને સ્થાવરત્વ (એકેન્દ્રિયત્વ) પ્રાપ્ત થયેલુ છે. ખાણમાંથી ગમે તેટલા પત્થર, કોલસા, હીરા, સુવર્ણ, ચાંદી વિગેરે કાઢી લેવામાં આવે તો પણ તે પદાર્થોની ઉત્પત્તિ બંધ થઈ જતી નથી કારણકે તે પદાર્થો ખાણમાં રહે છે ત્યાંસુધી જીવાશ્રિત જ હોય છે. પાણીની સચેતનતા આગમ અને અનુમાનથી સિદ્ધ છે. અગ્નિને પણ વાયુભક્ષની આવશ્યકતા આ બાળગોપાળ પ્રસિદ્ધ છે. સ્વયંપ્રેરિત ગતિનો માલિક

વાયુતત્ત્વ પણ સચેતન છે અને વનસ્પતિની સચેતનતા ચક્ષુ પ્રત્યક્ષ છે.

આ પાંચે સ્થાવર જીવોને એકેન્દ્રિયતા પ્રાપ્ત થયેલી હોવાના કારણે તેમનો વિકાસ બહુજ થોડા પ્રમાણુમાં છે, જ્યારે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનો વિકાસ ક્રમશઃ આગળ વધે છે, તેમાંથી કોઇને બોલવાની શક્તિ, કોઇને સુંઘવાની, કોઇને જોવાની અને પંચેન્દ્રિયના જીવોને બધી શક્તિઓ ઉપરાંત સાંભલવાની તથા માનસિક શક્તિઓ પણ મળેલી છે. પંચેન્દ્રિયમાં પણ નારક, કૂતરા, ગાય, હાથી, માનવ, વિદ્યાવાન્, જ્ઞાનવાન્, તપસ્વી, જિતેન્દ્રિય તથા મનોવિજેતા માનવમાં એ વિકાસ ક્રમશ: ખૂબ ખૂબ આગળ વધે છે અને છેવટે કેવળજ્ઞાનમાં પૂર્ણાહુતિ પામે છે.

## જીવવિકાસનું મૂળ કારણ :

જીવોના વિકાસમાં મુખ્ય કારણ શું હોઇ શકે છે? આ પ્રશ્નનો ઉત્તર અનુભવી આચાર્ય ભગવંતો આ પ્રમાણે આપે છે "**सव्वाओ लद्धीओ सागरोवओ गोवउत्तस्स**" અર્થાત્ જીવમાત્રને અને ખાસ કરીને માનવમાત્રને શરીરલબ્ધિ, રૂપલબ્ધિ, વક્તૃત્વલબ્ધિ, વૈભવલબ્ધિ અને જ્ઞાનાદિ લબ્ધિઓ તરતમયોગે જે પ્રાપ્ત થાય છે તેનાં મૂળ કારણમાં 'ઉપયોગ' ધર્મજ સમાયેલો છે. કારણ કે ઉપયોગની પ્રાપ્તિ થતાંજ માણસની જ્ઞાનશકિત, વિચાર અને વિવેક શકિત તથા ક્રિયાશકિતઓનો સમ્યક્ પ્રકારે ખૂબજ વિકાસ થતો જોવાય છે. જેના પ્રભાવથી જીવાત્માને સત્ક્રિયારુચિત્વ, સદાચારિત્વ, મિતહિત ભોજિત્વ, મિતહિત ભાષિત્વ, વિગેરે ગુણોના વિકા-

સથી ઉપરની લબ્ધિઓ (શક્તિઓ) ઓછીવતી પ્રાપ્ત થાય છે, જે આપણે અનુભવીએ છીએ.

## જીવોના માર્ગ :

અનાદિકાળથી જીવના બે માર્ગ છે એક અજ્ઞાન માર્ગ અને બીજો જ્ઞાનમાર્ગ છે. અહીં અજ્ઞાન શબ્દથી જ્ઞાનનો સર્વથા અભાવ સમજી લેવાનું નથી. પરંતુ 'અનુદરી કન્યા'ના ન્યાયથી 'कुत्सितं ज्ञानमज्ञानं मिथ्यादृष्टे ज्ञानमित्यर्थः। तच्च त्रिविधम् મત્યજ્ઞાન, શ્રુતાજ્ઞાન, विभंगज्ञानभेदात्"

જે પ્રમાણે ઉચ્ચ કુલમાં જન્મેલો માણસ નીચ તથા દુર્જન માણસની સોબતથી નીચ ગણાય છે અને કુસંગથી ચારિત્રમાં દૂષણ આવે છે તેજ પ્રમાણે મિથ્યાત્વના યોગથી સદ્‌જ્ઞાન પણ અજ્ઞાન બની જાય છે. ત્યારે વાદલાઓથી ઘેરાયેલા સૂર્યની માફક જીવાત્મા પણ 'अज्ञानेन आवृत्तं ज्ञानम्' ની ઉક્તિને ચરિતાર્થ કરતો મોહ માયા અને એનાથી ઉત્પન્ન થયેલા ક્રોધ, માન તથા લોભને વશ બનીને પોતાનો વિકાસ ઉંધા માર્ગે લઇ જાય છે.

એજ વાતને શાસ્ત્રીય પદ્ધતિથી જાણી લઇએ, જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અથવા ઉદીરણાથી જીવાત્માને પ્રાપ્ત થયેલી જ્ઞાન સંજ્ઞા આચ્છાદિત થઈ જાય છે. આ કર્મનો ઉદય પૂર્વભવથી સંબંધિત છે જ્યારે ઉદીરણા મોહવશ બનેલો આત્મા પોતેજ કરે છે, તે આ પ્રમાણે પૂર્વના પુણ્યોદયે સારા સંજોગ મલવા છતાં, અને જ્ઞાનવૃદ્ધિ માટે ગુરૂકુલવાસ સ્વીકારવા છતાં પણ—

'कुटिलताभये दैन्यं लोभो धर्मस्य हीनता।
कामक्रोधौ दयाहानिः मतिदोषाः प्रकीर्त्तिताः

(मदीयोऽयं श्लोकः)

માયાવશ જાણી બુઝીને કુટિલ (વક્ર) બનવું, ભયસંજ્ઞા વધે તેવો વ્યાપાર વ્યવહાર કરવો, દૈન્ય વધે તેવા વિચારો સેવવાં, લોભાન્ધતા, ધર્મહીનતા, કામુકી ભાવના વધે તેવા વ્યવહારમાં રહેવું, ક્રોધાન્ધ, અને દયાહાનિ આ આઠ દોષોથી મતિજ્ઞાન દૂષિત થાય છે, અને જ્ઞાન માર્ગ માટે તૈયાર થયેલો સાધક પાછો મતિજ્ઞાનાવરણીય તરફ જવાની તૈયારી કરે છે. આ કથનને ઉત્તરાધ્યયનસૂત્રથી પુષ્ટ કરીએ "વારંવાર ક્રોધ કરનાર, ક્રોધ ભડકે તેવો પ્રયત્ન કરનાર કુટિલતાવશ ગુરૂસંબંધ વડીલ સંબંધ તોડનાર, શ્રુતજ્ઞાનનો અહંકાર સ્ખલના થતાં ગુરુનો પણ ઉપહાસ કરનાર, મિત્રો ઉપર ક્રોધ કરનાર, અત્યન્ત પ્રિય માણસની નિંદા કરનાર, અસંબંધ બોલનાર અભિમાનપોષક, ઇન્દ્રિય ભોગમાં આસક્ત, અસંયમી, સંગ્રહ-શીલ, પક્ષપાતી, માણસ અવિનીત બને છે" જેને લઇને મતિ-જ્ઞાનનો વિકાસ સાધી શકાતો નથી પણ મતિજ્ઞાનાવરણીય કર્મની ઉપાર્જના જ પ્રતિ સમયે કરતો રહે છે. એવી અવસ્થામાં માણસનું જીવનતંત્ર સમ્યક્ પ્રકારે ન ચાલતા ઉંધા પ્રકારે ચાલે છે. જેને લઇને પ્રત્યેક પ્રસંગે બીજા માણસ સાથે અને સમાજ સાથે સંઘર્ષ સિવાય અને એ સંઘર્ષમાંથી ઇર્ષ્યા, વૈર વિરોધ વિગેરે માનવતાના દ્રોહી તત્ત્વોને છોડીને એના જીવનમાં ભાગ્યે જ બીજુ કંઈ પણ દેખાતું હોય છે. આવી સ્થિતિમાં :-

૧. શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં વિનયરહિત બને છે.

૨. રૂપવાન્ હોય છે છતાં દુરાચારી જીવન જીવતો હોય છે.

૩. સત્તાની વિદ્યમાનતામાં પણ અન્યાય અને પ્રપંચમાં જ રચ્યો પચ્યો રહે છે.

૪. લક્ષ્મીવાન્ છે છતાં દ્રવ્ય અને ભાવથી કૃપણ બને છે.

૫. બલવાન્ છતાં પણ ક્રોધી અને ઇન્દ્રિયગુલામ હોય છે.

જ્યારે એજ જીવાત્મા ખાનદાનીના સંસ્કારોથી ગુરુકુલ-વાસથી સ્વાધ્યાયથી અને પોતાની વિચારશક્તિથી ઉપયોગમય બનીને જ્ઞાનમાર્ગ સ્વીકારે છે, ત્યારે એનો મોહપાશ છેદાતો જાય છે. માયા નાગણ દૂર ખસતી જાય છે. માન અહંકારનો નશો પોતાની મેળે ઉતરતો જાય છે અને ક્રોધ નામનો ભૂત પોતાને રસ્તે પડીને અદૃશ્ય થાય છે. ત્યારે એનું જીવન તંત્ર શાન્ત, દાન્ત તથા સરલતા આદિ તત્ત્વોથી સભર બને છે, તથા સમયે સમયે અસંખ્ય અને અનંત લબ્ધિઓને હસ્તગત કરતો આ જીવાત્મા એક દિવસે કેવળજ્ઞાનની લબ્ધિ પણ પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને છે.

## જીવનું લક્ષણ !

કોઈપણ વસ્તુને ઓલખવા માટે તેના લક્ષણ તરફ ધ્યાન લગાડવું પડે છે, જેમ અમુક અમુક આકારની ધ્વજાઓથી તે તે દેવના મંદિરનું જ્ઞાન થાય છે. તેવી જ રીતે અનાદિ નિધન, તથા શબ્દ, ગન્ધ, રસ અને સ્પર્શરહિત અરૂપી આત્માનું લક્ષણ શું હોઈ શકે છે? શાસ્ત્રકાર એનો જવાબ :–

૧. **उपयोगो लक्षणम्** (જીવસ્ય) તત્ત્વાર્થ સૂત્રકાર.

૨. **नाणं चदसणं चेव चरितं च तवो तहा ।**
**वीरियं उवओगो य एवं जीवस्स लक्खणं ॥**
(ઉત્તરાધ્યયનસૂત્ર નવતત્ત્વ પ્રકરણ)

૩. उपयोगवत्त्वं जीवस्यलक्षणम् (આર્હંતદર્શન દીપિકા) ઉપર પ્રમાણે આવે છે. જીવાત્માને જાણવા માટે 'ઉપયોગ' જ શુદ્ધમાં શુદ્ધ લક્ષણ છે.

જે લક્ષણથી લક્ષ્યની શુદ્ધિ અણિશુદ્ધ થાય અને લક્ષ્ય સાથે સંપૂર્ણપણે જેનો સબંધ ત્રિકાલાબાધિત હોય તેને લક્ષણ કહેવાય છે.

પ્રત્યક્ષ, અનુમાન અને આગમ સિદ્ધ જીવાત્મા લક્ષ્ય છે અને ચૈતન્ય પરિણામ વિશિષ્ટ 'ઉપયોગ' એનું લક્ષણ છે. અર્થાત્ જીવાત્માને જાણવાની અને અનુભવવાની અને તેની ચડતી પડતીમાં "ઉપયોગ" જ મુખ્ય કારણ છે.

ત્રિકાલવર્તી અનંતાનંત જીવો (સંસારી અને મુક્ત) ઉપયોગ વાલા જ હોય છે. નિગોદનાં જીવોને ઉપયોગ બહુજ ઓછામાં ઓછો હોય છે. "**सर्वजघन्य उपयोगमात्रा प्रथम समये सूक्ष्मनिगोद अपर्याप्तानामेव भवति**" (તત્ત્વાર્થસૂત્ર સિદ્ધસેનગણી ટીકા) તેમ છતાં આષાઢ કે શ્રાવણ માસના વાદળાઓથી ઢંકાયેલો સૂર્ય જેમ ત્રણ કે ચાર દિવસ સુધી કોઈને ન દેખાવા છતાં દિવસ અને રાતના ફેરફારને લઈને અનુમાનથી પણ સૂર્યની વિદ્યમાનતા આપણને માન્ય છે, તે પ્રમાણે નિગોદના જીવોમાં ઉપયોગ (જ્ઞાનમાત્રા) અસ્પષ્ટ અને બહુજ ઓછો ભલે હોય તો પણ તેમની વેદના, સ્થાનાન્તર આદિ કારણોને લઈને નિગોદના જીવો પણ ઉપયોગ–જ્ઞાનયુક્તજ છે, જે કેવળીગમ્ય છે. અકામ નિર્જરાના યોગે જેમ જેમ કર્મ મેલ ધોવાતો જાય છે તેમ તેમ તેમનું ચૈતન્ય વિકાસ પામે છે. અને ત્યાંથી સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળીને વ્યવહાર રાશિમાં આવે છે અને છેવટે કેવળજ્ઞાનની ભૂમિકા પણ પ્રાપ્ત કરે છે. આજ વાતને તત્ત્વાર્થસૂત્રમાં સિદ્ધસેન ગણી આ પ્રમાણે કહે છે:—

"**सैवोपयोगमात्रा शेषैकेन्द्रियद्वित्रिचतुः पञ्चेन्द्रियभेदेन भिद्यमाना सम्भिन्न श्रोत्रत्वादि लब्धिकलापेनच लब्धि-**

निमित्तकरण शरीरेन्द्रियवाङ्मनः सापेक्षा प्रवर्धमाना नानारुपक्षयोपशमोपादित वैचित्र्याऽवग्रहादिभेदात् सर्वक्षयमवाप्य सकलज्ञेय ग्राहिणीं परांविशुद्धिकाष्ठां समासादयति केवलज्ञान संज्ञिताम्"

## અજીવ ચૈતન્યરહિત હોય છે :

જીવતત્ત્વથી સર્વથા વિપરીત અજીવતત્ત્વ (પુદ્ગલતત્ત્વ) હોય છે જે સર્વથા ઉપયોગ વિનાનું છે. કોઈપણ દેવની સહાયતાથી પણ પુદ્ગલ દ્રવ્ય ચૈતન્યમય બની શકે જ નહી. દેવમાં પણ તેમ કરી શકવાની શક્તિ નથી.

નૈયાયિકોના મતે જીવ જડ છે અને સમવાય સમવેત સંબંધથી ચૈતન્યગુણ તેમાં આવે છે, તેમની આ માન્યતા પ્રત્યક્ષ, અનુમાન અને જૈનાગમ વિરુદ્ધ હોવાના કારણે માન્ય બની શકે તેમ નથી. કારણ કે આત્માએ ગુણી છે અને ચૈતન્ય ગુણ છે, આપણા સૌનો પ્રત્યક્ષ અનુભવ અને શાસ્ત્રીય વચન પણ એજ છે કે ગુણ અને ગુણી સર્વથા ભિન્ન નથી હોતા, પણ તાદાત્મ્ય સંબંધવાલા હોય છે. 'સફેદ ટોપી'એ શબ્દોચ્ચારણ આપણે ત્યારેજ કરી શકીએ છીએ જ્યારે આપણે પ્રત્યક્ષ આંખે સફેદ ટોપીમાં સફેદાઈ અને લાલ ટોપીમાં લાલાશ જોતા હોઈએ છીએ. સફેદમાંથી સફેદાઈ કોઇ જુદી કરવા માંગે તો કોઇ કાળે પણ આ વાત બની શકે તેમ નથી. સૂર્યના કિરણોમાંથી પ્રકાશને જુદા કરવાની પ્રવૃત્તિ પણ સર્વથા નિરર્થક છે, તેવીજ રીતે જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં ચૈતન્યગુણ અવશ્યમેવ છે જ. શરીરમાં જ્યાં સુધી જીવાત્માની વિદ્યમાનતા છે ત્યાં સુધી ચૈતન્ય પ્રત્યક્ષ દેખાય છે, માટે જ ગુણીમાં ગુણ ભાડુતી નથી પણ સ્વાભાવિક છે.

આ પ્રમાણે ઉપરના વક્તવ્યને ધ્યાનમાં રાખ્યા પછી આત્માનું સર્વશુદ્ધ લક્ષણ 'ઉપયોગ' છે અને જીવાત્મા સાથે અનાદિ કાળથી સંબંધીત છે. જેમ અંડા વગરનું પંખી નથી અને પંખી વિનાનું અંડુ નથી, આંબાના ઝાડ વગરની ગોઠલી નથી અને ગોઠલી વગર આંબો હોતો નથી, તે પ્રમાણે ઉપયોગ જ્ઞાન વગરનો આત્મા નથી અને આત્માને છોડીને ઉપયોગ–જ્ઞાન–ચૈતન્ય બીજે કયાંએ પણ સંભવી શકે નહિં.

## ઉપયોગની સાર્થકતા :

આત્માનું અકાટય લક્ષણ ઉપયોગ છે તો 'આત્મા માટે આ ઉપયોગ કેવી રીતે સાર્થક બનશે ? એનો જવાબ જૂદાજૂદા આગમોમાં નીચે મુજબ છે :-

१ उपयुज्यते वस्तु परिच्छेदं प्रतिव्यापार्यते जीवोऽनेनइति उपयोगः (પ્રજ્ઞાપના મલયગિરિ ટીકા)

જેને લઇને જીવાત્મા વસ્તુ માત્રની જ્ઞાન પ્રાપ્તિમાં પ્રેરાય પ્રવૃત્તિ કરે તેને ઉપયોગ કહેવાય છે. પદાર્થના યથાર્થ જ્ઞાનમાં આત્મા પાસે બે શક્તિઓ છે, જેમાંથી પહેલી શક્તિ પ્રત્યક્ષ જ્ઞાનોપયોગની છે, જેમાં અવધિ જ્ઞાનોપયોગ, મનઃપર્યાય જ્ઞાનોપયોગ, અને કેવળ જ્ઞાનોપયોગનો સમાવેશ થાય છે. કોઇના પણ માધ્યમ વિના આત્મા પોતેજ પોતાની ક્ષયોપશમ જન્ય અને ક્ષયજન્ય લબ્ધિ વિશેષ વડે જ્ઞાન સંપાદન કરે તે પ્રત્યક્ષ જ્ઞાનોપયોગ શક્તિ તરીકે સંબોધાય છે. જ્યારે પરોક્ષ જ્ઞાનોપયોગ નામની બીજી શક્તિ છે, જેમાં પણ બે પ્રકાર છે–મતિજ્ઞાનોપયોગ અને શ્રુત જ્ઞાનોપયોગ, પાંચે જ્ઞાનેન્દ્રિયો અને મન દ્વારા પદાર્થોનું જે જ્ઞાન થાય છે તે મતિ જ્ઞાનોપયોગ કહેવાય છે. જેમાં અર્થાત્ મતિ જ્ઞાનોપયોગમાં મતિ જ્ઞાના-

વરણીય કર્મનો ક્ષયોપશમ અત્યાવશ્યક છે, અને તે ક્ષયોપશમ પણ જાગૃત થયેલા આત્માના પ્રબલ પુરુષાર્થને આધીન છે.

જૈન મતમાં કર્મોને બાંધનાર અને ભોગવનાર આત્મા જ છે અને તે કર્મોનો ક્ષય અને ક્ષયોપશમ કરનાર પણ આત્મા જ છે એ નિર્વિવાદ સત્ય સિદ્ધાન્ત વચન છે. શાસ્ત્રીય જ્ઞાન ને શ્રુતજ્ઞાનોપયોગ કહેવાય છે અને તે મતિજ્ઞાનોપયોગ પૂર્વક જ હોય છે. ત્યારેજ તે આત્મામાં સમ્યક્ત્વની સિદ્ધિ પણ અવશ્યંભાવિની છે.

**"मति विना श्रुत न लहे कोई प्राणी समकितवंतनी ए निशानी** (વીરવિજયજી પૂજા)

**૨. योगः ज्ञान दर्शनयोः प्रवर्तनं विषयावधानाभि मुखता सामीप्यवर्ती योगः उपयोगः, नित्य संबन्ध इत्यर्थः** (તત્ત્વાર્થ સૂત્ર બૃહદ્વૃત્તિ)

ઉપયોગ શબ્દમાં 'ઉપ'નો અર્થ સમીપ પાસે થાય છે. અને યોગનો અર્થ જ્ઞાનદર્શનનું પ્રવર્તન–અર્થાત્ વિષય–પદાર્થની સાવધાનતા–નિશ્ચયતા માટેની તૈયારી થાય છે. આત્માની અનંત શક્તિઓમાં જ્ઞાન અને દર્શન શક્તિ પણ અનાદિકાલીન છે. તે જ્ઞાનદર્શનની પ્રવૃત્તિ જ ઉપયોગ શબ્દથી સંબોધાય છે. પ્રબલ પુરૂષાર્થી બનેલો આત્મા વૈરાગ્ય, સ્વાધ્યાય, તપશ્ચર્યા, ગુરુસેવા રૂપી શસ્ત્રો દ્વારા જેમ જેમ જ્ઞાનાવરણીય કર્મરૂપી શત્રુનો ક્ષય અથવા ક્ષયોપશમ કરતો જાય છે. તેમ તેમ વિકસિત થયેલી જ્ઞાનશકિત દ્વારા પદાર્થોની નિશ્ચયતાનો નિર્ણય કરે છે. આંખથી જોવાયેલા માણસનો અને જીભથી સ્વાદ કરાયેલા રસનો નિર્ણય આંખ કે જીભ નથી કરતી પરન્તુ સાક્ષાત્ દ્રષ્ટા અને ભોકતા આત્મા

પોતે જ નિર્ણય કરે છે કે, જોવાયેલો માણસ પંજાબી જ છે અને સ્વાદ કરાયેલો પદાર્થ મોસંબીનો રસ હતો. ઈન્દ્રિયો જડ હોવાના કારણે સ્વતઃ કોઈનો પણ નિશ્ચય નથી કરતી, અન્યથા મડદાં (શબ) માં પણ જ્ઞાનશક્તિ માનવી પડશે.

**उपयोगः स्वस्वविषये लब्ध्यनुसारेण आत्मनः परिच्छेदः व्यापारः** (શ્રી જીવાભિગમસૂત્ર ૧૬)

ભવભવાન્તરના ઉપાર્જન કરેલા જ્ઞાનાવરણીય કર્મના કારણે વિષયોનું જ્ઞાન સ્પષ્ટ નહી થવામાં સ્પર્શેન્દ્રિયાવરણીય કર્મ, રસેન્દ્રિયાવરણીય કર્મ, ઘ્રાણેન્દ્રિયાવરણીય કર્મ ચક્ષુરિન્દ્રિયાવરણીયકર્મ, અને શ્રવણેન્દ્રિયાવરણીય કર્મ કારણ છે. પરન્તુ રાધાવેધની સમાન કોઈક જ ભવમાં સબળ પુરુષાર્થ દ્વારા આવરણીય કર્મોને ખસેડીને પદાર્થોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવાની લબ્ધિ શક્તિ પ્રાપ્ત થાય છે. તે દ્વારા આત્માનો જે જ્ઞાન વ્યાપાર છે તે ઉપયોગ કહેવાય છે.

રાવણ, દુર્યોધન, કંસ, ધવળશેઠ અને શૂર્પણખા વિગેરે મોટા કુળમાં જન્મેલા હોવા છતાં પણ અનાદિકાળના અજ્ઞાન જન્મ માટે દુરાચાર પૂર્ણ કુસંસ્કારો તથા કુચેષ્ટાઓને છોડી શકયા નથી. ત્યારેજ '**अधोगच्छन्ति तामसाः**' આ ન્યાયે અધોગતિજ ફરીથી તેમનાં ભાગ્યમાં રહી ગઈ. જ્યારે પુણિયા શ્રાવક જેવા મહાપુરુષો જેમની પાસે પૂર્વનો પુણ્યોદય નબળો હતો છતાં પણ જ્ઞાનપૂર્વકનું પોતાનું જીવન હોવાથી આત્મવિકાસ દ્વારા આત્મકલ્યાણ સાધી શકયા છે.

**૪. उपयोजनमुपयोगः विवक्षित कर्मणि मनसोऽभिनिवेशः** (નંદીસૂત્ર ૧૬૮)

આત્માને દુર્બુદ્ધિ અને સદ્બુદ્ધિ નામની બે સ્ત્રીઓ છે, તેમાંથી અત્યારસુધી દુર્બુદ્ધિના ચક્રાવે ચઢેલા આત્માએ

સંસારની માયામાં ફસાઇને દુષ્કર્મ અને તેની પરંપરાને જ ઉભી કરી છે, જેને લઇને આ આત્માએ અનંતભવો કર્યા છે, જે સર્વથા ફોગટ ગયા છે. પરન્તુ કોઇક પુણ્યોદયે આ ભવમાં આર્યદેશ, આર્યખાનદાની અને આર્યસંસ્કૃતિ મેળવવા આપણે ભાગ્યશાલી થયા છીએ. તો સદ્‌બુદ્ધિ–સમ્યક્‌ત્વબુદ્ધિને વશ થઇને સામાયિક, પૂજા, જાપ, તપશ્ચર્યા વિગેરે આપણા આત્માની વિવક્ષિત ક્રિયાઓમાં આપણો આત્મા જોડાય તોજ મનની નિશ્ચલતા પ્રાપ્ત થતાં આપણી ધાર્મિક ક્રિયાઓ જ્ઞાનને લઇને સુન્દરતમ બની શકે છે.

આત્માની શુદ્ધિ માટેજ જો ક્રિયા કરવાની હોય તો ક્રિયાઓનો મર્મ સમજવો જ જોઇએ. તોજ આપણે ઉપયોગ-વાળા થઇને કર્મોના ભૂક્કા ઉડાવી શકીએ.

એકલા મનજીભાઇના વિશ્વાસે અર્થાત્ માત્ર મનને વશ થઈ તમે કંઇ પણ કામ કરશો નહીં, કારણકે અનાદિકાલથી મનને અધોગતિ તરફજ જવાનું પસંદ પડે છે, માટે પ્રત્યેક ધાર્મિક વિધિ–વિધાનો મનરૂપી ઘોડાના મુખમાં સદ્‌જ્ઞાનરૂપી લગામ નાખીને આત્મ ધ્યાનમાં મસ્ત બનશો, તો હુંડી અવ-સર્પિણીમાં પણ મળેલો મનુષ્ય અવતાર સફળ બનશે.

૫ **जीवस्य वोधरूपो व्यापारः उपयोगः** (અનુયો. ૧૬) જડાત્મક અને જ્ઞાનાત્મક આ બે વ્યાપારો આત્માના છે. સમ્ય-ક્‌ત્વની પ્રાપ્તિ પહેલા જીવમાત્રનો માનસિક, કાયિક અને વાંચિક વ્યાપાર જડાત્મક જ હોય છે. આ કારણે અનંતભવોની રખડપટ્ટી પછી પણ આપણે સમ્યગ્ દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્ ચારિત્રથી હજારો કોશ દુર રહ્યા છીએ અને આપણા ભવો ફોગટ ગયા છે. પ્રાપ્ત થયેલ માનવભવ દેવદુર્લભ છે,

અને તેથી જ આપણો આત્મા શુભ અને શુદ્ધ અનુષ્ઠાનોમાં ઉપયોગવંત બને એવા ધ્યેયપૂર્વક જીવન જીવવું.

### ૬ भावेन्द्रियस्य द्वीतीयो भेदः (भग. ८७)

પાંચે ઇન્દ્રિયોના આવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી ગમે તેટલી લબ્ધિઓ આત્માને પ્રાપ્ત થઇ હોય છતાં પણ આત્મા પોતેજ પોતાની ચૈતન્ય વિશિષ્ટ શક્તિ દ્વારા ઉપયોગવાળો થશે ત્યારે જ પદાર્થોનું યથાર્થ જ્ઞાન થશે.

### ७. उपयोगः आन्तरश्रुतपरिणामः (विशे. २९७)

આત્માનો આન્તર–શ્રુતપરિણામ જ ઉપયોગ કહેવાય છે. કોઇપણ ક્રિયા પછી તે દેવપૂજા હોય, સામાયિક પૌષધ હોય અથવા આપણે પેઢીના મુખ્ય ટ્રસ્ટી હોઇએ કે બીજી કોઇ પણ સંસ્થાના સભ્ય સેક્રેટરી યા અધ્યક્ષ હોઇએ એ બધી જવાબદારીઓમાં આપણે જો ઉપયોગ શૂન્ય (કર્ત્તવ્યજ્ઞાન શૂન્ય) રહ્યાં તો જૈનશાસન એ ક્રિયાઓને દ્રવ્યક્રિયા તરીકે સંબોધે છે. અને દ્રવ્યક્રિયા (જ્ઞાનપરિણામવિનાની ક્રિયા) કદાચ વિષાનુષ્ઠાન અથવા ગરલાનુષ્ઠાનમાં પણ પરિણત થઇ શકે છે, માટે આત્મ કલ્યાણનો ખ્યાલ રાખીને જ પ્રત્યેક ક્રિયામાં જ્ઞાનપરિણામ લાવવા અને વધારવા પ્રયત્નો કરવા, જેથી અમૃતાનુષ્ઠાનનો આનન્દ મળી શકે.

### ८. चेतनाविशेष उपयोगः (भग. १४९)

જે ક્રિયા કરતાં ભવોભવની જડતા દૂર થાય અને ચેતના શક્તિનો વિકાસ સધાય તેને ઉપયોગ કહેવાય છે. આત્માના એક ભાગમાં અનંત–અનંત કર્મોથી ઉપજેલી, અને પ્રત્યેક ભવમાં કષાયો દ્વારા વૃદ્ધિ પામેલી, તથા જાતિમદ, કુળ

મદ ઐશ્વર્યાદિ મદથી પોષાયેલી દુર્ગતિની સહચારિણી 'જડતા' છે. ત્યારે આત્માના બીજા ભાગમાં ચૈતન્ય સ્વરુપિણી 'ચેતના' અર્થાત્ જ્ઞાન શક્તિ છે. મન, વચન, અને કાયાની પ્રવૃત્તિ કરતાં પહેલાં તમારી બુદ્ધિને કસી ડહાપણ પૂર્વક નિર્ણય લેજો કે હું અને મારી પ્રવૃત્તિ સંસારને વધારનારી છે કે ઘટાડનારી.

તાત્પર્ય આ છે કે આપણા જીવનની પ્રત્યેક ક્ષણમાં મતિજ્ઞાનોપયોગ અને મતિ–અજ્ઞાનોપયોગ આ બંને ઉપયોગો ઉદયમાન છે. પહેલો ઉપયોગ ચૈતન્યમય હોવાથી આપણને શુભ પ્રેરણા આપે છે. ત્યારે હું જૈન શાસનને પામ્યો છું માટે શાસવની આરાધના કરીને જીવન સફળ બનાવું, આવા પવિત્ર વિચારો આપણને ઉદ્ભવે છે. પરંતુ આપણા જીવનમાં જ્ઞાનમાત્રા તથા ગુરુનિશ્રા ઓછી હોવાના અથવા નહી હોવાનાં કારણે તે જ ક્ષણે મતિ–અજ્ઞાનોપયોગ પણ આપણી સામે આવીને ઉભો રહે છે. ત્યારે શાસન માટે કરાતી ક્રિયાઓમાં રાગ, દ્વેષ, મોહ, માયા, હાસ્ય, રતિઅરતિ વિગેરે આત્માના અનાદિકાળના શત્રુઓનું જોર વધે છે. અને આપણી શુદ્ધ ભાવે કરાતી ક્રિયાઓ પણ ઉપયોગશૂન્ય બની જાય છે. તેથી ધર્માનુષ્ઠાન કરતાં પહેલા મૌન ભાવ રાખવા સાથે અત્યારે હું શાસનની આરાધનામાં છું એવો ખ્યાલ રાખવો.

**૯. सावधानता उपयोग :** (ઔપ. ૪૮)

જીવનનાં પ્રત્યેક વ્યવહારમાં સાવધાન રહેવું તે ઉપયોગ કહેવાય છે. વ્યાખ્યાનવાણી સાંભલીને સ્વાધ્યાય કરીને, તથા ગુરુઓની પાસે બેસી ચર્ચા–વિચારણા કરીને મેલવેલું જ્ઞાન આપણાં જીવન વ્યવહારની પ્રત્યેક ક્રિયાઓમાં એકાકાર થઈ જાય ત્યારેજ આપણને સાવધાનતા પ્રાપ્ત થાય છે. નીચેના ત્રણે દ્રાખલાઓમાં સાવધાનતાનો ચમત્કાર સાફ સાફ દેખાય છે.

(૧) એક જ માતાના બે સંતાનોમાંથી એકની પાસે જ્ઞાનજન્ય સાવધાનતા છે જેના પરિણામે સમાજ કલ્યાણના હિતકાર્યો દ્વારા દેશને, સમાજને અને શાસનને પણ મદદગાર બનીને પોતાનું શ્રેય સાધે છે, જ્યારે બીજા પાસે માયાવશ ઉદીરણા કરીને મેળવેલા જ્ઞાનાવરણીય કર્મના કારણે સાવધાનતા નથી તેથી શ્રેય માર્ગને ભૂલીને હિંસા, જુઠ્ઠ ચૌર્ય કર્મ અને બદચલનમાં પોતાનું જીવન સમાપ્ત કરે છે.

(૨) એકજ મુહુર્તમાં અને એકજ ગુરુ પાસે બે નવજુવાન દીક્ષિત થાય છે. તેમાંથી એકની પાસે સ્વીકૃત ધર્મની સાવધાનતા છે માટે જ તેમની દીક્ષા-શિક્ષા વિકાસના માર્ગે આગળ વધે છે ત્યારે જ ચતુર્વિધ સંઘના યોગક્ષેમમાં એ મુનિરાજની શકિત કામમાં લાગે છે. જ્યારે બીજા મુનિરાજ મોહકર્મની નાટક મંડળીના મેંબર બનીને જડતા (ભાવધર્મ વિમુખતા)ના માર્ગે પુનર્ગમન સ્વીકારે છે. પરિણામે મુનિવેશમાં પણ આળસુ નિષ્ક્રિય અને પ્રતિભાહીન બનતાં જાય છે અને ગુરુકુલવાસને છોડીને સંઘના યોગક્ષેમને નુકશાન પહોંચાડે છે.

(૩) બે ખાનદાન કન્યાઓ એકજ દિવસે વિવાહિત થાય છે, જેમાંની એક સ્ત્રી પોતાના જ્ઞાનોપયોગથી ઉત્પન્ન થયેલી સાવધાનતાના કારણે પોતાના ઘરને સુખમય. શાન્તિમય બનાવે છે તેમજ પોતાના સંતાનોને પણ સુશિક્ષિત અને સંસ્કારી બનાવે છે. જ્યારે બીજી સ્ત્રી અજ્ઞાનમાર્ગે ઘસડાયેલી હોવાના કારણે બેધ્યાન બનીને જે કુટુંબમાં પોતાનું જીવન પૂરું કરવું છે ત્યાંજ ક્લેશ, કંકાસનું વાતાવરણ ફેલાવી પોતાના તેમજ અન્ય જીવોને દુઃખ પમાડે છે. આ ત્રણે દાખલાઓમાં એકની પાસે કર્તવ્ય ધર્મ છે જ્યારે બીજાની પાસે કર્ત્તવ્ય ભ્રષ્ટતા છે.

સાવધાન માણસ જ દુર્જનોની વચ્ચમાં રહેવા છતાં પણ દુર્જનતાના રંગથી દૂર રહે છે. વ્યસનીઓની વચમાં પણ પોતે વ્યસનોથી દૂર રહે છે. ક્લેશ કંકાસના વાતાવરણમાં પણ પોતે નિર્લેપ રહી શકે છે. આત્માભિમુખી માણસ જ બીજાના ક્રોધને અમૃતના પ્યાલાની માફક પી જાય છે, વૈરીઓના વૈરને પણ આત્મ કલ્યાણ માટે સાધન માને છે, અને નિંદકોની નિંદામાં પણ પોતાનું હિત સાધી લે છે.

### ૧૦ श्रोतुस्तदभिमुखता उपयोगः (આવ. ૩૪૧)

જ્ઞાન સન્મુખ બનીને પોતાના આત્માનું જે રીતે કલ્યાણ થાય તેવી રીતે વર્તવા માટે તત્પર રહેવું એજ ઉપયોગ છે.

### ૧૧ स्वाध्यायाद्युपयुक्तता उपयोगः (ઉત્તરા. ૧૪૫)

સમ્યક્ ચારિત્રમાં તપશ્ચર્યાધર્મ પણ સન્નિહિત છે. આત્માની સાથે દૂધ અને સાકરની માફક મળેલી કર્મવર્ગણાને બાળી નાખે તે તપશ્ચર્યા છે અને તેના બાર ભેદ છે, જેમાં સ્વાધ્યાયનું સ્થાન દશમું છે. માટે જ માની શકીએ છીએ કે સ્વાધ્યાયની પ્રાપ્તિ બહુજ દુષ્કર છે. અનશન, ઉનોદરી, વૃત્તિ-સંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, અને અંગોપાંગની ગોપનીયતાની પ્રાપ્તિ માયાવી, સ્વાર્થાન્ધ અને નિદાનગ્રસ્ત માણસ પણ કરી શકે છે, તેથી જ સ્વાધ્યાય શૂન્ય (ઉપયોગ શૂન્ય) માણસને માટે બાહ્ય તપ બાહ્યરૂપે અને દ્રવ્યક્રિયા દ્રવ્યરૂપે જ રહે છે. જૈન શાસનને પ્રાપ્ત કર્યા પછી અને એ શાસનનો મર્મ સમજ્યા પછી આપણી દ્રવ્ય પૂજા તથા બીજી પણ દ્રવ્યક્રિયા ઉપયોગ પૂર્વક કરાય અને તેને માટે આપણે પુરુષાર્થ કરીએ એજ હિતાવહ માર્ગ છે. સ્વાધ્યાય શબ્દમાં 'સ્વ'નો અર્થ આત્મા

અને અધ્યાયનો અર્થ વિચાર થાય છે, અર્થાત્ પોતાનો જ વિચાર કરવો કે હું કોણ છું ? કંઈ ગતિમાંથી આવ્યો છું ? મરીને કંઇ ગતિમાં જઇશ ? હું શ્રાવક કુળમાં જન્મ્યો છું તો મારું શું કર્ત્તવ્ય છે ? અને અત્યારે હું શું કરી રહ્યો છું ? આ પાંચે પ્રશ્નોનું યથાર્થ સમાધાન મેળવવું એજ સ્વાધ્યાય છે, અને સ્વાધ્યાય મગ્નતા જ ઉપયોગ કહેવાય છે.

१२ साकारानाकारभेदं चैतन्यं उपयोगः (ઠાણા. ૩૩૪)

ઉપયોગના બે ભેદ છે, ૧ સાકારોપયોગ ૨ નિરાકારોપયોગ. આ બંને ભેદોને અનુક્રમે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ તરીકે જૈન શાસન સંબોધે છે. જે માણસને મેં જોયો હતો તે પંજાબી જ છે. આ પ્રમાણે જેમાં દ્રવ્ય, ગુણ, કર્મ અને જાતિને લઇને આકાર પડે તે જ્ઞાનોપયોગ હોય છે. અથવા સામાન્ય ધર્મને ગૌણ કરીને વિશેષ ધર્મની પ્રતિપાદનાથી જે ભાષા વ્યવહાર થાય તે જ્ઞાનોપયોગ કહેવાય છે. 'જેમકે આ ઘડો અમદાવાદી છે.' જ્યારે આકાર વિનાનું જ્ઞાન દર્શનોપયોગ તરીકે ખ્યાતિ પામે છે. ઉપરની વ્યાખ્યા સર્વજન સાધારણ છે.

હવે જરા આગળ વધીને એજ વાત શાસ્ત્ર પદ્ધતિથી કરીએ. મહાન્ ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી ઓઘ સંજ્ઞાપૂર્વક કરાતી ક્રિયાને દર્શનોપયોગ અને લોક સંજ્ઞાપૂર્વક કરાતી ક્રિયાને જ્ઞાનોપયોગ તરીકે સંબોધે છે. આનો ખુલાસો જોઇએ. આત્મ કલ્યાણની કંઇ પણ ઇચ્છા રાખ્યા વિના કેવળ ગતાનુંગતિકથી જ્ઞાન અને સમજદારી વિનાની ક્રિયા જેવી કે પૂજા, પાઠ, સામાયિક, પૌષધ, એકાસણું આયંબીલ દાન વિગેરેનો વ્યવહાર દર્શનોપયોગ તરીકે જ રહેશે. જેના પ્રતાપે વર્ષોથી એકાસણા આયંબીલ કર્યા પણ આહાર સંજ્ઞા સંયમિત ન થવા

પામે, સામાયિક, પૌષધ કર્યા પણ સમતાશીલ ન બની શકાય, સંઘના અને સમાજના આગેવાન બન્યા છતાં જ્ઞાનમાર્ગ પામી ન શકીએ ત્યારે–

"આચારે અભિમાન વધ્યું, તપથી વધ્યો કલેશ
જ્ઞાને ગર્વ વધ્યો ઘણો, અવળો ભજવ્યો વેશ.

આ કથન આપણા જીવનમાં ચરિતાર્થ થયું કહેવાય. આનાથી વિપરીત જ્ઞાનવાન્ આત્મા સમજદારી પૂર્વક પોતાના આત્મ કલ્યાણ માટે જ તપ કરશે, પ્રતિક્રમણાદિક ક્રિયાઓ કરશે, વૈયાવચ્ચ ધર્મ સ્વીકારશે અને કદાચ કોઈ સંસ્થાનાં આગેવાન બનશે તો પણ સર્વત્ર સરળતા પવિત્રતા, ઉદારતા, અને એક નિષ્ઠાથી સંઘની, સમાજની, મંદિરની, અને સ્વામીભાઈઓની સેવા દ્વારા પોતાનું કલ્યાણ સાધશે.

આ ભાવ ક્રિયાને જ ઠાણાંગ સૂત્રના ટીકાકાર જ્ઞાનોપયોગ યુકત ક્રિયા તરીકે સંબોધે છે!

ઉપર્યુક્ત પ્રમાણે આપણા પૂજ્ય, મહાપૂજ્ય આગમ-ગ્રન્થોમાંથી ઉપયોગમય બનેલા આત્માનો વ્યાપાર (વ્યવહાર) કેવો હોય છે તે જાણવા માટે આપણે સમર્થ બની શકયા છીએ. આ બધાનો સાર એટલો જ છે કે પદાર્થનું યથાર્થ જ્ઞાન ચૈતન્ય વિશિષ્ટ જીવાત્મા પોતાની ઉપયોગ શક્તિ દ્વારા પોતે જ કરે છે પાંચે ઇન્દ્રિયો અને દ્રવ્ય મન સ્વતઃ જડ ( પૌદ્ગલિક ) હોવાના કારણે વસ્તુના જ્ઞાનમાં કંઈ પણ કરી શકે એમ નથી. જે પ્રમાણે મકાનની બારીઓ જડ છે માટે જ સડક ઉપર કોણ જઈ રહ્યો છે તેનું જ્ઞાન તે બારીઓને નથી થતું, જ્યારે શ્વાસ–ઉચ્છવાસને લેનારો જીવાત્મા ઉપયોગ-

વાલો થઇને બારી પાસે બેસે છે ત્યારે જ તે આત્મા પોતે જાણી શકે છે કે સડક ( માર્ગ ) ઉપર અમુક ભાઈ, અમુક જાતિનો અને અમુક નામનો જઇ રહ્યો છે. આ પ્રમાણે જ્ઞાન-સંજ્ઞાપૂર્વક આત્મા જાગૃત થઈ જાય તો નિશ્ચય કહી શકીએ છીએ કે આત્મારૂપી શેઠની આગળ મનજીભાઇ રૂપી મુનીમનું કંઇ પણ ચાલી શકતું નથી.

આની પુષ્ટિ માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં પદે પદે કહેવામાં આવ્યું છે " હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહીં. "

## ઉપયોગનું લક્ષણ

ઉપર પ્રમાણે જીવનું લક્ષણ ઉપયોગ છે. આ વાતને વિસ્તારથી વિચાર્યા પછી પણ "ઉપયોગ"નું લક્ષણ શું છે ? એ વિચારવાનું અત્યાવશ્યક છે; જેથી ઉપયોગની મર્યાદા આપણને ખ્યાલમાં આવે. આર્હત દર્શન દીપિકામાં ત્યાગ, વૈરાગ્ય સમ્પન્ન, ઉપાધ્યાય પદ વિભૂષિત, પૂજ્યપાદ શ્રી મંગળવિજયજી મહારાજ સાહેબ ઉપયોગનું લક્ષણ આ પ્રમાણે કરે છે.

१ ज्ञानदर्शनयोः सम्यक्स्वविषयक सीमानुल्लङ्घेन-
धारण रूपत्वम् ।

२ बाह्याभ्यन्तर निमित्तकत्वे सति आत्मानो यथायोगं चैतन्यानुकारि परिणामविशेषरूपत्वं वा उपयोगस्य लक्षणम् ॥

ઉપરનાં બંને લક્ષણોમાંથી પહેલું લક્ષણ સિદ્ધસેન ગણીને ઈષ્ટ છે અને બીજુ તત્ત્વાર્થરાજને ઈષ્ટ છે. જ્ઞેય પદાર્થની સીમા–મર્યાદાને ઉલ્લંઘ્યા વિના જ્ઞાન–દર્શનને ધારી રાખવું

તે ઉપયોગ છે, અર્થાત્ ઇન્દ્રિયોની શક્તિ જ્યાં સુધી પહોંચી શકે તેટલી મર્યાદામાં રહેલા પદાર્થોના જ્ઞાનને ધારવું તે ઉપયોગ છે.

યોગ્ય સ્થાનમાં પદાર્થોની સ્થિતિ, પ્રકાશની વિદ્યમાનતા અને દ્રવ્યેન્દ્રિયની ઉપલબ્ધિ વિગેરે બાહ્ય કારણો તથા મતિ-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પાદિત લબ્ધિ એટલે ભાવેન્દ્રિયરૂપ આભ્યન્તર કારણને લઈને પદાર્થોને અનુકુલ જે ચૈતન્ય પરિણામ (પદાર્થ ગ્રહણ કરવાની સ્ફુર્તિ) આત્માને થાય તે ઉપયોગ કહેવાય છે.

જૈન શાસનમાં આત્મા સ્વતઃ જ્ઞાતા, દ્રષ્ટા, અને ભોક્તા છે, જ્યારે સંસાર જ્ઞેય, દશ્ય અને ભોગ્ય હોવાથી આત્મા પોતે પોતાના ઇચ્છિત પદાર્થને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનરૂપ આભ્યન્ત કરણથી અને ચક્ષુરિન્દ્રિયાદિરૂપ બાહ્ય કરણથી તથા પ્રકાશ અને યોગ્ય પ્રદેશમાં પદાર્થોની સ્થિતિના સાહચર્યથી ગ્રહણ કરે તેને ઉપયોગ કહે છે.

## ઉપયોગની ઉપાદેયતા

કલ્યાણેચ્છુ જીવાત્માને પોતાના કલ્યાણ માટે સ્વીકાર કરવા યોગ્ય 'ઉપયોગ' જ છે, કારણ કે શરીરધારી આત્માને મન, વચન તથા કાયાની ક્રિયા કર્યા વગર છુટકારો નથી જ.

વૈરાગ્યપૂર્વક દીક્ષિત થયેલા મુનિરાજને ગુરૂમહારાજ ઉપદેશ આપતાં કહે છે "ક્રિયામાત્ર પછી તે મનની હોય, વચનની હોય અથવા મન, વચનપૂર્વક કાયાની હોય તે બધી

ક્રિયાઓમાં 'આશ્રવતત્ત્વ' જ વિદ્યમાન છે, અને "**आश्रवो भव हेतुस्यात्**"

આ પ્રમાણે ગુરૂના મુખે આશ્રવની વાત સાંભળ્યા પછી સંવર ધર્મની આરાધના દ્વારા કર્મો ખપાવવાં માટે દીક્ષા લીધેલા મુનિરાજ ગુરૂજીને પ્રશ્ન કરે છે.

**कहं चरे कहं चिट्ठे कह मासे ।कहं सये**
**कहं भुंजंतो भासंतो पाव कम्मं न बन्धई ॥**

( દશવૈકાલિક સૂત્ર )

અર્થાત્ હે ગુરૂદેવ! આપશ્રીએ મને દીક્ષા આપી છે. તો મારે કેવી રીતે ચાલવું? ઉભા રહેવું? બેસવું? સૂવું? ખાવું અને પીવું? જેથી મારા આત્માને કર્મ બંધન ન થાય! આ વાત કૃપા કરી મને સમજાવો.

શિષ્યના મનનું સમાધાન કરતાં ગુરુદેવે કહ્યું:—

**जयं चरे जयं चिट्ठे जयमासे जयं सये ।**
**जयं भुजंतो भासंतो पावं कम्मं ने बंधई ॥**

કોઇપણ ક્રિયા જેમાં ઉપયોગ ધર્મ હોય અર્થાત્ ઉપયોગપૂર્વક (જયણાપૂર્વક) ચાલવામાં, ઉભા રહેવામાં, બેસવામાં, સૂવામાં, ખાવામાં અને બોલવામાં પાપકર્મનો બંધ નથી થતો.

શરીરધારી આત્મા જેમને જ્ઞાનનો બોધ થયો છે, ભવભીરૂતા ઉત્પન્ન થઇ છે, તેઓ ઉપયોગવંત થઇને જીવન સફળ બનાવવા માટે નીચે મુજબ વિચારે છે:—

(૧) હું અત્યારે મંદિરમાં વીતરાગ પરમાત્માના ચરણોમાં બેઠો છું. માટે મારાથી પારકાનું ભૂંડું વિચારાયજ નહીં, બોલાયજ નહીં, અને આડું અવળું પણ ન જોવાય, કારણકે મારે પણ વીતરાગતા કેળવવાની છે.

(૨) હું ટ્રસ્ટી છું. મારા પૂર્વભવના પુણ્યોદયે આ ભવમાં જૈન શાસનની, સમાજની, અને વીતરાગ પ્રભુના મંદિરની સેવા કરવાની મને તક મળી છે. માટેજ મારાથી શાસનને તથા સમાજને નુકશાન થાય, શાસનની નિંદા થાય ગુરૂદેવોનું અપમાન થાય અને મારા ટ્રસ્ટીપણાને કલંક લાગે તેવું એક પણ કાર્ય મારાથી નજ થવું જોઇએ.

(૩) હું સંગીતકાર છું. ભવોભવની આરાધના પછી જ વીતરાગ પરમાત્માના ગુણો ગાવાં અને બીજાઓને ભગવાનની ભક્તિમાં રસ લેતા કરવાં માટેજ મને તક પ્રાપ્ત થઇ છે માટે મારા સંગીત દ્વારા મારા આત્માનું કલ્યાણ થાય એ ભાવનાથી હું સંગીતકાર પદને શોભાવીશ.

(૪) હું ક્રિયાકાર છું. ગતભવમાં સિદ્ધચક્ર, અરિહંત દેવોના અભિષેકો જોયા હશે! કર્યા હશે! કરાવ્યા હશે! માટેજ આ ભવમાં અરિહંતપૂજન, સિદ્ધચક્રપૂજન તથા શાન્તિસ્નાત્ર વિગેરેની શુદ્ધ ક્રિયાઓ હું કરાવી શકયો છું. મારા આત્માની ઉન્નતિ થવાના આ લક્ષણો છે, માટે કોઈપણ ક્રિયા ધ્યાન વિના કરીશ નહીં અને કરાવીશ નહીં.

(૫) હું ધાર્મિક શિક્ષક છું. મારી પાસે મુનિરાજો તથા સાધ્વીજી મહારાજાઓ ભણવા માટે આવે છે. માટે ભણાવતી વખતે ઉપયોગપૂર્વક બેસવું બોલવું જેથી તેમના દર્શન,

જ્ઞાન અને ચારિત્રની વૃદ્ધિ થાય તથા જૈન સમાજના બાલકો અને બાલાઓને પણ ખંતપૂર્વક અભ્યાસ કરાવીશ.

(૬) હું જૈન શાસનનો સભ્ય છું, શાસનની મર્યાદાનો ખ્યાલ રાખીને જ પ્રત્યેક વ્યવહાર ઉપયોગપૂર્વક કરીશ.

(૭) આર્યજાતિ, અને જૈનધર્મ પામેલો હું માનવ છું, મારા મસ્તક ઉપર પંચ મહાવ્રતધારી ગુરુદેવો છે. માટે જ અનાર્ય માણસની માફક મારાથી ગંદુ વર્તન રખાય જ નહી એ વાતને ખ્યાલમાં રાખીને મારો જીવન વ્યવહાર સુન્દર અને ન્યાયયુકત બને તે ધ્યાનમાં રાખીશ.

(૮) અને છેવટે હું મોક્ષાભિનન્દી બનું તે માટે મોક્ષ માર્ગને યોગ્ય જ મારો વ્યવહાર હોય તે પ્રમાણે જ જીવન ઘડતર કરીશ.

ઉપર પ્રમાણે ઉપયોગ પૂર્વક ગૃહસ્થાશ્રમ ધર્મ પણ મંગળદાયી અને મોક્ષદાયી બને છે, માટેજ ઉપયોગ સર્વશ્રેષ્ઠ ઉપાદેય તત્ત્વ છે.

## ઉપસંહાર

આત્મ કલ્યાણનું લક્ષ્ય રાખીને ધર્મ સંબંધી ક્રિયાઓ કરવાનો અભ્યાસ કરવો. આવો અભ્યાસ પણ પોતાના આત્માને કંટ્રોલમાં લીધા સિવાય શકય નથી. માટે બીજાઓને સ્વાધીન કર્યા વિના આત્માને જ શુદ્ધોપયોગમાં રાખવો. પારકા માટે આપણું બગાડવું એ સારૂ નથો, કારણુ કે પોતાનું બગાડનાર પારકાનું સુધારી શકે નહી એ સિદ્ધાન્ત વચન ખ્યાલમાં

રાખીને ક્રોધ કષાયની ભાવના છોડવી, અને તેની ઉદીરણાના પ્રસંગો પણ છોડી દેવાનો આગ્રહ રાખવો. અન્યથા મોહકર્મના ઉદયકાળમાં જ્ઞાનોપયોગ અદૃશ્ય થશે, તથા શાસ્ત્રીય જ્ઞાન પણ આપણા માટે ઉપયોગી થઇ શકે તેમ નથી એ અનુભવ ગમ્ય છે. તપોધર્મને અને કષાયવૃત્તિને પરસ્પર હાડવૈર છે. ચારિત્ર ધર્મની સુગંધ પણ મોહકર્મની ઉદીર્ણાવસ્થામાં ક્યાંથી હોય?

અને પરાક્રમ પણ (વીર્યસ્ફૂરણા) સત્પથગામી ન બને એ પણ સમજાય એવી વાત છે.

હવે એજ વાતને થોડાક દાખલાઓથી તપાસીએ.

(૧) પ્રસન્નચન્દ્ર રાજર્ષિના ત્યાગ, તપ, તથા ધ્યાનમાં કોઈને કંઇ પણ કહેવાં જેવું છે જ નહી. શાસ્ત્ર આપણી સન્મુખ છે કે ધ્યાનારૂઢ થયેલા એ મુનિરાજ શુદ્ધ જ્ઞાનોપયોગની ધારામાં ખૂબ ખૂબ આગળ વધી ગયા છે. પરન્તુ દુર્મુખ દૂતના બે શબ્દો જ કાનમાં પડતાં શુદ્ધ જ્ઞાનોપયોગની ધારા તૂટી, અને મોહરાજાનાં સૈનિકો એક પછી એક હુમલો કરવા લાગ્યા. મુનિરાજ જાણે રણાંગણમાં ઊભા ઊભા જોરદાર માનસિક યુદ્ધ ખેલવા લાગ્યા. બાહ્ય દૃષ્ટિએ બધુંએ બરાબર હોવા છતાં પણ આન્તર જીવન યુદ્ધમય બન્યું. અને અશુદ્ધ જ્ઞાનોપયોગ (પુત્ર મોહથી ઉત્પાદિત રૌદ્ર ધ્યાન)ને લઇને સાતમી નરક પૃથ્વી સુધી પહોંચી ગયા છે. પરન્તુ છેલ્લું શસ્ત્ર લેવા માટે પોતાના માથા ઉપર હાથ પડતાં જ જાતિવાન ઘોડો પોતાના માલિકની ચાબુક જોઇને જેમ ચમકી જાય છે તેમ એ મુનિરાજ મનરૂપી અશ્વને જ્ઞાનરૂપી લગામથી

સ્વાધીન કરીને પાછા શુદ્ધ જ્ઞાનોપયોગમાં આવતાં જ કેવળ-જ્ઞાનના માલિક બનવા પામ્યા છે.

( ૨ ) અને મહામના જીર્ણ શેઠ માટે સૌની એક જ માન્યતા હતી કે મહાવીરસ્વામીનું ચાતુર્માસિક પારણું થોડા વિલંબથી થયું હોત તો ખૂબ જ ઉચ્ચે ચઢેલી શુદ્ધ જ્ઞાનોપયોગની ધારા કેવળજ્ઞાન જ પ્રાપ્ત કરાવત. પણ તેમ ન થયું, અને ધ્યાન તૂટયું તો મોક્ષ ન મેળવી શકયાં.

( ૩ ) બાહ્ય દૃષ્ટિએ બધી રીતે અહંકારનો નશો ઉતાર્યો હોવા છતાં પણ અન્દરમાં રહેલા મનજીભાઇને ચઢેલો માનરૂપી મોહકર્મનો નશો બાહુબલજી મુનિરાજને કેવો ચઢ્યો ?

“ મારાથી પહેલા દીક્ષિત થયેલા મારા નાના ભાઇઓને હું વન્દન કરૂં એ મારાથી કેમ બની શકે ? પછી તો વર્ષભર એમ ને એમ બાહ્યધ્યાનમાં ઉભા રહ્યાં પણ કેવળજ્ઞાન ન મેળવી શકયાં. છેવટે અહંકાર રૂપી અશુદ્ધ જ્ઞાનોપયોગમાંથી બહાર આવ્યા અને સરળતાના સીધા સોપાને ચઢ્યા કે તરત જ કેવળજ્ઞાન !

આ પ્રમાણે અસંખ્ય દાખલાઓ જોઇ શકાય છે. પણ એ બધા દાખલાઓ આપણા માટે તો કેવળ પ્રેરણારૂપે જ છે, આખિર તો પોતાના આત્માને જ પ્રબલ પુરૂષાર્થ દ્વારા ઔદાયિક ભાવમાંથી બહાર લાવીને ક્ષાયોપશિક ભાવમાં જોડવો પડશે ત્યારે જ આપણું કલ્યાણ થશે.

માણસ થોડો અભ્યાસ કરે તો સાધ્ય તરફ આગળ વધવામાં વાર લાગતી નથી.

પ્રતિક્રમણ જેવી શુદ્ધ ક્રિયા કરતાં પહેલાં માણસ માત્ર એ ધ્યાનમાં રાખે કે અનાદિકાળથી કર્મોનાં કારણે હું ભવ-ભ્રમણ કરી રહ્યો છું. માટે એ કર્મોને તોડવા માટેજ મારે પ્રતિક્રમણ કરવાનું છે. તેથી શરીર, ઇન્દ્રિયો અને મનને વશ થયા વિના મારા આત્માને સૂત્ર, અર્થ અને તદુભયતા સાથે એકાકાર બનાવી લેવામાં જ મઝા છે.

આ પ્રમાણે બધીએ ક્રિયાઓમાં ઉપયોગવંત ભાગ્ય-શાલી જ ધાર્યો લાભ મેળવી શકે છે.

જીવમાત્ર જૈન શાસનને પામો.

જૈન શાસનને પામેલા શુદ્ધ સમ્યક્ત્વ સ્વીકારે.

સમ્યક્ત્વધારી આત્મા વ્રતધારી બને અને વ્રતધારી આત્માઓ ઉપયોગ ધર્મને પોતાના પ્રાણસમો બનાવીને જૈન શાસનને ઉજ્જવલ કરે એજ અભિલાષા.

# ઉત્થાન અને પતન

શાસ્ત્રો અને શાસ્ત્રકારો એકજ અવાજે ભવ્ય જીવોને સંબોધીને કહે છે કે, આત્મિક જીવનનું ઉત્થાન અત્યન્ત દુષ્કર અને કષ્ટ સાધ્ય છે. જ્યારે પતન માર્ગ અત્યન્ત સુગમ અને સહજ છે. બાહ્ય દૃષ્ટિએ ઉત્થાન અને પતનમાં પૂર્વભવીય પુણ્ય અને પાપ કામ કરી રહ્યાં હોય છે, જ્યારે આત્માના ઉત્થાનમાં પોતાનો પ્રબળ પુરૂષાર્થ, સંયમની શુદ્ધિ અને પ્રતિક્ષણ જ્ઞાનોપયોગ આ ત્રણે કારણો પરસ્પર કાર્ય કારણ ભાવને લઈને મુખ્ય છે. આ ત્રણેના અભાવમાં ગમે તેવો પુણ્યોદયવર્તી જીવ પણ આત્મિક ગુણસ્થાનકથી નીચે જશે, એમાં કંઈપણ શંકા નથી. ઉત્થાનનો અર્થ એ છે કે સ્વાધ્યાયથી, ગુરૂ પાસે સાંભલવાથી, અથવા પોતાની મનન શક્તિથી જે જ્ઞાનોપયોગ મેળવ્યો છે, તેમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થતી જાય એજ આત્માનું ઉત્થાન છે અને એ ઉત્થાન કર્મ વડેજ આત્માને નિર્જરાતત્ત્વ તરફ આગળ વધવામાં સુગમતા રહે છે.

પરંતુ જે ક્ષણે જ્ઞાનોપયોગ ખસી જશે તે સમયે અષ્ટ પ્રવચન માતાનું તાદાત્મ્ય પણ દૂર ભાગી જશે. તેના અભાવમાં આત્માને મોક્ષ પુરૂષાર્થ માટેનું બળ જે મલ્યું હતું તે પણ આત્માથી રીસામણા કરીને અદૃશ્ય થશે. આવી પરિસ્થિતિમાં જ્ઞાનાવરણીય કર્મનો ઉદય અવશ્યંભાવી છે, જે આત્માના પ્રત્યેક પ્રદેશમાં પોતાની સત્તા જમાવીને બેઠો છે. એ કર્મને ઉદયમાં લાવવા માટે મોહનીય કર્મ ગમે ત્યારે પણ રાહ જોઈને જ બેઠું હોય છે. એકાદ ક્ષણને માટે પણ મોહકર્મના અવાંતર ભેદોમાં જો આ આત્મા ફસાઈ જાય તો તેટલા

સમય પૂરતો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય પ્રાયઃ કરીને નિશ્ચિત છે માટે "મોહે નડ્યાં નાણે પડ્યાં...." એ ટંકશાળી વચનજ આપણા માટે અપૂર્વ સામર્થ્યદાયી બની જાય છે.

પ્રસન્નચન્દ્ર રાજર્ષી. આષાઢાભૂતિ, ચંડકૌશિકના પૂર્વાવતારી મુનિરાજ વિગેરે સમર્થ સાધકો પણ એકવાર તો મોહકર્મના કારણે જ્ઞાનાવરણીય કર્મના ઉદયવર્તી થઇને સન્માર્ગથી પડ્યાં છે તો આપણા જેવા પામરોની શી વાત કરવી!

માટેજ જ્ઞાનોપયોગ–સ્વાધ્યાયમાં મસ્ત બનીને સંયમ આરાધનાના માધ્યમથી આત્મોન્નતિ સાધવી એજ એક શ્રેયસ્કર માર્ગ છે.

## ઉપયોગવન્ત આત્મા

લગભગ ૧૭ વર્ષ પહેલાં મારૂ ચોમાસું ભોપાલનગરે હતું. વ્યાખ્યાનમાં ભગવતી સૂત્ર અને ભાવનાધિકારે જૈન રામાયણ વંચાતું હતું.

વ્યાખ્યાનના સમય પહેલા એક દિગંબર જૈન પંડિતજી નિયમિત આવતાં હતાં અને ઘણીજ શ્રદ્ધાપૂર્વક અમારો વાર્તાલાપ ચાલતો હતો. તેઓ દિગમ્બર જૈન પાઠશાળાના મુખ્ય શિક્ષક હતાં. એકવડીયું શરીર, શ્વેત અને સાદા વસ્ત્રો, નિર્દંભ જીવન હોવાની સાથે શ્વેતાંબરત્વ કે દિગમ્બરત્વ કરતાં પણ 'જૈનત્વ' પ્રત્યે પૂર્ણ વફાદાર હતાં. સામાજિક પાઠશાળાઓમાં માસિક પગાર તો વધારે હોય નહીં છતાં પણ જાણે પરિગ્રહ પરિમાણ વ્રતના સંતોષ પૂર્વક પાલક હતાં. ટૂંકા પગારમાં ગૃહસ્થાશ્રમી ચલાવાતી હોવાં છતાં જીવનમાં ક્યાંએ પણ આર્તધ્યાન નથી, પરિગ્રહ વધારવા માટે લાલસા નથી, અશાંતિ નથી, અસમાધિ નથી. આ પ્રમાણે ગંગાનદીના સરળ પ્રવાહની

માફક જીવનમાં કંટાળાનું નામ નિશાન ન હતું. આછો પાતળો સંસ્કૃતનો અભ્યાસ પણ ખરો. ભણાવે પણ અને મસ્તી આવે ત્યારે કંઇક બોલી પણ જાય છે. એક સમયે ચર્ચા દરમ્યાન તેમણે પોતાની વાત નીચે પ્રમાણે કરી ત્યારે હું ફીદા ફીદા થઇ ગયો.

મુનિરાજશ્રી! થોડાક મહિનાઓનાં મારા પગારમાંથી બચત કરીને મેં ચમ્પલ (પાદત્રાણ) ખરીદ્યાં, અને એક દિવસે વીતરાગ પરમાત્માના દર્શન કરવા ગયેલો પણ પાછા આવતાં જોયું તો મારા ચમ્પલ ન મળે. મને ઘણું જ દુઃખ થયું. પણ મારા પૂર્વભવીય અન્તરાય કર્મોને લઇને હું લાચાર હતો. ગૃહસ્થાશ્રમી તરીકે ચમ્પલ પહેરવાં જ જોઇએ. પણ ટૂંકા પગારને લઇને હું ફરીથી ખરીદું તેવી મારી સ્થિતિ ન હતી, પણ પઠન પાઠનમાં હું મસ્ત હોવાના કારણે પૂજ્ય મુનિરાજોનાં ચારિત્રના અનુકરણ તરીકે મારે પણ જ્યાં સુધી મારી પરિસ્થિતિ ન સુધરે ત્યાં સુધી ચમ્પલ પહેરવા નહીં એવો સંકલ્પ કર્યો. પણ મનની નબળાઈને એક વાર મને ગંદો વિચાર આવ્યો કે 'જૈન મંદિરમાંથી જ્યારે મારા ચંપલ ચોરાઇ ગયા છે તો બીજાનાં ચંપલ ચોરવામાં મને શો બાધ આવે એમ છે!

પણ આ ગંદો વિચાર હું અમલમાં મૂકું તે પહેલાંજ મને ફરીથી બીજો વિચાર આ પ્રમાણે આવ્યો. 'જૈન ધર્મના અભ્યાસ રહિત અને ધાર્મિક વાતાવરણ વિનાના સામાન્ય માણસો કરતાં મારી પરિસ્થિતિ જુદી છે, જેમકે મહાજન વંશમાં મારો જન્મ. જૈન શાસનના અભ્યાસ સાથે તત્ત્વાર્થ સૂત્ર, કર્મપ્રકૃતિ જેવા તાત્ત્વિક ગ્રન્થોનું પઠન પાઠન તથા ભક્તામર, કલ્યાણ મંદિર જેવાં વીતરાગદેવના સ્તોત્રોનો આત્મકલ્યાણ માટે અભ્યાસ, સાથે સાથે દેવાધિદેવ પરમાત્માનું

પૂજન વિગેરે શુદ્ધ અનુષ્ઠાનો મને મારા પૂર્વભવના પુણ્યોદયે સાંપડ્યાં છે. તો તેનો ઉપયોગ કેવળ પેટ ભરવા માટે ન કરતાં આત્મકલ્યાણ માટે કરૂં તો આ પ્રત્યક્ષ દેખાતી હુંડા અવસર્પિણી પણ મને શું કરવાની હતી ? આ પ્રમાણે પવિત્ર વિચારો આવતાં જ મારું મન શાન્ત પડી ગયું અને ચોરી કરવાના પાપકર્મમાંથી હું આબાદ બચી ગયો.

છતાં પણ મારા ધાર્મિક જીવનની પરીક્ષા હજુ બાકી હશે. ત્યારેજ ૬–૭ દિવસ પછી જ્ઞાતિ ભોજન સમારંભમાં મારે પણ જમવા માટે જવાનું થયું. ત્યાં એક ભાઈએ જે ચંપલ ઉતાર્યા તે મારાજ ચોરાયેલા હતાં. આ નજરોનજરે જોયા પછી મારૂં મન પાછું તોફાને ચઢ્યું અને એ ભાઇને જરા ઠપકો આપીને મારા ચંપલ પાછા લઇ લેવામાં મને જરાએ વાંધો દેખાયો નહીં. છતાં એ વખતે પણ મારી ધાર્મિક બુદ્ધિનો સહકાર મને મલ્યો.

મને થયું કે યદ્યપિ ચોરાયેલી વસ્તુ મારીજ હતી પણ જ્યારે તે ચોરાઈ ગઇ અને બીજાના હાથે પડી ગઇ છે ત્યારે તે વસ્તુ ઉપર ચોરનાર માણસનું મમત્વ બંધાય તે દેખીતું છે. ચોરનારે કયા ઈરાદે વસ્તુ ચોરી છે તે તો પરમ દયાલુ પરમાત્મા જાણે ! આવા પ્રસંગે જે વસ્તુ બીજાની થઈ ગઇ તેના પર નજર કરવાની પણ ભાવના રાખવી એ પૌદ્ગલિક અને ક્ષુલ્લક ભાવના છે, જે મોહજન્ય છે. આપણા સ્વાર્થની પણ હિંસા છે ખાતર બીજાને માનસિક ત્રાસ ઉપજાવવો એ કારણકે હું જૈન પંડિત છું. મારે મારો આચાર અને વિચાર જૈનશાસનને અનુકૂલ રાખવોજ જોઇએ.

ઉપરની વાત સાંભળ્યા પછી મને ઘણોજ આનન્દ થયો હતો.

卐

# ઘરમાં વસાવવા જેવાં
# પુસ્તકો

卐

(૧) પ્રમાણનય તત્ત્વાલોક — ૧-૫૦
( સૂત્રબદ્ધ જૈન દર્શન ગ્રંથ-
શિવપુરીવાલી ટીકા )

(૨) વક્તા બનો ( ગુજરાતી ) — ૧-૫૦

(૩) શેષ વિદ્યા પ્રકાશક ( હિન્દી ) — ૨-૦૦

(૪) બારવ્રત — ૦-૫૦

(૫) શ્રી જૈન શાસનમાં ઉપયોગની
પ્રધાનતા શાથી ? — અમૂલ્ય

卐

: પ્રાપ્તિસ્થાન :

**જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ**

સાઠંબા ( સાબરકાંઠા )
ધનસુરા થઈને ( એ. પી. રેલ્વે )
અને

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ-અમદાવાદ.